વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો, શ્રદ્ધા કેરો દીપક ના કદીયે ઓલવાજો, મારું જીવન અંજલિ થાજો...

**રાજ્યમાં વધુ ૧૪૬૦૫ નવા કેસ : ગાંધીનગરમાં ૩૩૧ : અમદાવાદમાં ૫૪૩૯**

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૫૦ | ૧ મે, ૨૦૨૧, શનિવાર; ચૈત્ર વદ - ૫ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોનાનો હાહાકાર : નવા ૩.૮૬ લાખ કેસ

### છેલ્લા ૨૪ કલાકમાં ૨.૯૭ લાખ દર્દી સાજા થયા : કોવિડ-૧૯ના કારણે એક જ દિવસમાં ૩૪૯૮ દર્દીઓએ જીવ ગુમાવ્યો, એક્ટિવ કેસની સંખ્યા ૩૧.૭૦ લાખે પહોંચી



નવી દિલ્હી,તા.૩૦

કોરોનાના વધતા કેસોની વચ્ચે કોવિડ-૧૯થી જીવ ગુમાવનારા લોકોની સંખ્યા પણ વધતી જઈ રહી છે. આ સતત ત્રીજો દિવસ છે જ્યારે ત્રણ હજારથી વધુ લોકોનાં મોત થયા છે. તબીબી સેવાઓ પર ઊભા થયેલા ભારણની વચ્ચે કોરોના દર્દીઓની વધતી સંખ્યા મુશ્કેલીનું કારણ બની ગયું છે. દેશમાં એક્ટિવ કેસો પણ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. કોરોનાના વધતા મામલાઓના કારણે ભારત દુનિયામાં બીજા નંબર પર પહોંચી ગયું છે. શુક્રવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩,૮૬,૪૫૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૩૪૯૮ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૮૭,૬૨,૯૭૬ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૧૫,૨૨,૪૫,૧૭૯ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. બીજી તરફ, કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૧ કરોડ ૫૩ લાખ ૮૪ હજાર ૪૧૮ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૨,૯૭,૫૪૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

# કેન્દ્ર સરકાર પર સુપ્રીમ લાલઘૂમ

### સુપ્રીમ કોર્ટનો મોદી સરકારને સીધો સવાલ, '૧૦૦% વેક્સીન કેમ નથી ખરીદતા ? : દવાઓનું ઉત્પાદન અને વિતરણ સુનિશ્ચિત શા માટે નથી થઈ રહ્યું, દિલ્હી-ગુજરાત-મહારાષ્ટ્રમાં ઓક્સીજન જ નથી

ન્યુ દિલ્હી,તા.૩૦

સુપ્રીમ કોર્ટમાં કોરોના કેસ પર ચાલી રહેલી સુનાવણી દરમિયાન કોર્ટે કેન્દ્ર સરકારનો બરાબરનો ઉધડો લીધો હતો, સુપ્રીમ કોર્ટે કેન્દ્રને અણિયાળો સવાલ કર્યો હતો કે, જરૂરી દવાઓનું ઉત્પાદન અને વિતરણ સુનિશ્ચિત કેમ નથી થઈ રહ્યું? કેન્દ્રએ સોગંધનામામાં જણાવ્યું હતું કે, દર મહિને સરેરાશ એક કરોડ ત્રણ લાખ લાખ રેમડેસિવિર ઉત્પાદન કરવાની ક્ષમતા છે પરંતુ સરકારે માંગ અને સપલાઈની જાણકારી નથી આપી. સુપ્રીમ કોર્ટે ઓક્સીજન, દવાઓ અને બેડને લઈને સોશિયલ મીડિયા પર જાણકારી આપનારા વિરૂદ્ધ કોઈ જ કાર્યવાહી ના કરવાના પણ આદેશ આપ્યા છે.

સુપ્રીમ કોર્ટે બરાબરનો ઉધડો લેતા કહ્યું હતું કે, કેન્દ્રએ દવા સહિતની સામગ્રીની વહેંચણીની કોઈ ચોક્કર રીત પણ નથી જણાવી. કેન્દ્રએ ડોક્ટરોને જ કહેવું જોઈએ કે તે રેમડેસિવિર કે ફેલિફ્લ્યૂના બદલે અન્ય જરૂરી દવાઓ વિષે દર્દીઓને જણાવે. સુપ્રીમે એમ પણ જણાવ્યું હતું કે, મીડિયા એહવાલ દર્શાવે છે કે, RTPCRથી કોરોનાના નવા સ્વરૂપની ઓળખ ઓળખ નથી થઈ રહી. તેમાં પણ અનુસંધાનની જરૂર છે.

સાથે જ સુપ્રીમ કોર્ટે કેન્દ્રને સવાલ કર્યો છે કે, ૧૮ થી ૪૫ વર્ષની ઉંમરવાળાઓને વેક્સીન લગાવવાની યોજના યોજનાને લઈને જાણકારી આપો. શું કેન્દ્ર પાસે કોઈ યોજના નથી કે વેક્સીનના ભાવ લોકો સામે મુકી શકાય? સાથે જ સુપ્રીમે કેન્દ્રને આદેશ કર્યો છે કે, તેણે એ પણ જણાવવુ પડશે કે તેણે ભારત બાયોટેક અને સીરમ ઈન્સ્ટિટ્યૂટને કેટલુ ફંડ આપ્યું છે.

# બર્થડે ગીફ્ટ : રાજ્યના ૧૮+ને આજથી વેક્સિનેશન

### ૧૦ જિલ્લામાં આજથી ૧૮ વર્ષથી ઉપરનાને રસી અપાશે : મુખ્યમંત્રી

ગાંધીનગર,તા.૩૦

આવતીકાલથી ૧૮ વર્ષથી વધુ વય ધરાવતા તમામ નાગરિકો માટે વેક્સિનેશન શરુ થઈ રહ્યું છે. એક તરફ વેક્સિનની અછત હોવાના સતત અહેવાલો આવી રહ્યા છે, ત્યારે સીએમ વિજય રુપાણીએ આ મામલે જણાવ્યું હતું કે આજે સાંજ સુધીમાં જ ત્રણ લાખ જેટલા ડોઝ હવાઈ માર્ગે ગુજરાત આવી રહ્યા છે. કાલથી જ રાજ્યના સૌથી વધુ પ્રભાવિત ૧૦ જિલ્લામાં ૧૮ વર્ષથી વધુ વય ધરાવતા નાગરિકોને રસી આપવાનું શરુ કરી દેવામાં આવશે. સીએમે જણાવ્યું હતું કે, મે મહિનામાં રાજ્યને ૧૧ લાખ ડોઝ પ્રાપ્ત થશે તેવું રસી બનાવતી કંપનીઓએ આશ્વાસન આપ્યું છે. જોકે, સરકાર હજુ વધુ જથ્થો મળે તે માટે પણ પ્રયાસ કરી રહી છે. રાજ્યના અન્ય જિલ્લામાં પણ રસીનો જથ્થો જેમ-જેમ આવતો જશે તેમ-તેમ તબક્કાવાર વેક્સિનેશન શરુ કરવામાં આવશે. હાલ રાજ્યના જે ૧૦ જિલ્લામાં સૌથી વધુ કોરોના ફેલાયો છે, ત્યાં સૌ પહેલા વેક્સિન આપવામાં આવશે. જે દસ જિલ્લામાં વેક્સિનેશન શરુ થવાનું છે તેમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, કચ્છ, મહેસાણા, ગાંધીનગર અને ભરુચ જિલ્લાનો સમાવેશ થાય છે. આ જિલ્લામાં આવતીકાલે સવારે ૯ વાગ્યાથી રસીકરણનો કાર્યક્રમ શરુ થશે.

સીએમએ સ્પષ્ટતા કરી હતી કે, ચોથા તબક્કાના વેક્સિનેશનમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન ફરજિયાત છે. જે લોકોને રજિસ્ટ્રેશનનો મેસેજ આવેલો છે તેમને જ વેક્સિન લેવા જવાનું રહેશે. જે લોકોને મેસેજ આવ્યો છે, તે લોકો જ વેક્સિન લઈ શકશે. સ્થળ પર રજિસ્ટ્રેશન વિના કોઈ વ્યક્તિને રસી નહીં મળે. ગુજરાતના દરેક નાગરિકને વેક્સિન મળવાની જ છે તેવી ખાતરી આપતા સીએમ રુપાણીએ કહ્યું હતું કે, દરેક વ્યક્તિનો જેમ-જેમ વારો આવે તેમ-તેમ વેક્સિન આપવામાં આવશે. કોઈ ઉતાવળ ના કરે, અવ્યવસ્થા ઉભી ના કરે, અને ખોટી ચિંતા પણ ના કરે તેવી પણ સીએમએ અપીલ કરી હતી.

# ભારત રેમડેસિવિરના સાડા ચાર લાખ ઈન્જેક્શનની આયાત કરશે

### ૭૫૦૦૦ ઇન્જેક્શનનું પ્રથમ કન્સાઇન્મેન્ટ ભારત પહોંચ્યું

નવી દિલ્હી, તા. ૩૦

ભારત સરકારે દેશમાં રેમડેસિવિરની ખેંચ હળવી કરવા અન્ય દેશોમાંથી આવશ્યક દવા રેમડેસિવિરની આયાત કરવાનું શરૂ કર્યું છે. આજે ૭૫૦૦૦ ઈન્જેક્શનનું પ્રથમ કન્સાઈન્મેન્ટ ભારત પહોંચ્યું હતું.

ભારત સરકારની માલિકીની કંપની એચએલએલ લાઈફકેર લિમિટેડે અમેરિકામાં મેસર્સ જિલીડ સાયન્સિસ ઈક્ર યુએસએ અને ઈજિપ્તની ફાર્મા કંપની મેસર્સ ઈવા ફાર્માને રેમડેસિવિરના ૪,૫૦,૦૦૦ ઈન્જેક્શનનો ઓર્ડર આપ્યો છે. આગામી એકથી બે દિવસમાં જિલીડ સાયન્સિસ ઈક્ર. યુએસએ ૭૫,૦૦૦થી ૧,૦૦,૦૦૦ ઈન્જેક્શન રવાના કરશે એવી અપેક્ષા છે. ઉપરાંત ૧૦૦૦૦૦ ઈન્જેક્શન ૧૫ મે સુધી કે એ અગાઉ પૂરાં પાડવામાં આવશે. ઈવા ફાર્મા અંદાજે ૧૦,૦૦૦ ઈન્જેક્શનનો પુરવઠો પૂરો પાડશે, જેમાં શરૂઆતમાં દર ૧૫ દિવસે કે જુલાઈ સુધીમાં ૫૦,૦૦૦ વાયલ પ્રદાન કરશે.

સરકારે દેશમાં રેમડેસિવિરની ઉત્પાદન ક્ષમતા વધારી છે. ૨૭.૦૪.૨૧ સુધી લાઈસન્સ ધરાવતી સાત સ્થાનિક કંપનીઓએ ઉત્પાદન ક્ષમતા દર મહિને ૩૮ લાખથી વધારીને દર મહિને ૧.૦૩ કરોડ કરી છે. છેલ્લાં સાત દિવસ (૨૧થી ૨૮ એપ્રિલ, ૨૦૨૧)માં દવા ઉત્પાદક કંપનીઓએ સમગ્ર દેશમાં કુલ ૧૩.૭૩ લાખ ઈન્જેક્શન પૂરા પાડ્યાં છે.

# મ.પ્ર.ના વિદિશામાં કુંભથી પરત આવેલા ૮૩માંથી ૬૦ પોઝિટિવ

### હરિદ્વારમાં કુંભ બાદ અનેક સ્થળોએ કોરોના વિસ્ફોટ : ૨૨ શ્રદ્ધાળુ અંગે કોઈ જાણકારી નથી

નવી દિલ્હી, તા. ૩૦

હરિદ્વાર કુંભ બાદ ઠેકઠેકાણે કોરોના વિસ્ફોટ શરૂ થઈ ગયો છે. મધ્ય પ્રદેશના વિદિશામાં કુંભથી પરત આવેલા ૮૩ શ્રદ્ધાળુઓમાંથી ૬૦નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે જ્યારે ૨૨ શ્રદ્ધાળુઓ અંગે કોઈ જાણકારી નથી મળી રહી. આ સમગ્ર બનાવ વિદિશા જિલ્લા મુખ્યાલયથી ૪૦ કિમી દૂર આવેલા ગ્યારસપુરનો છે.

વિદિશા જિલ્લા પ્રશાસનના અહેવાલ પ્રમાણે ૮૩ તીર્થયાત્રીઓ ૩ અલગ-અલગ બસોમાં બેસીને ૧૧થી ૧૫ એપ્રિલ દરમિયાન હરિદ્વાર જવા રવાના થયા હતા. કુંભ ગયેલા તમામ લોકોની ઓળખ મેળવીને તેમનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સ્વાસ્થ્ય વિભાગના અહેવાલ પ્રમાણે હરિદ્વાર ગયેલા ૮૩ શ્રદ્ધાળુ પૈકી માત્ર ૬૧ની જ જાણકારી મળી શકી છે અને તેમાંથી ૬૦ કોરોના સંક્રમિત આવ્યા છે. કુંભથી પરત આવેલા શ્રદ્ધાળુઓમાં કોરોના પોઝિટિવ આવેલા ૬૦ પૈકીના ૫ની સ્થિતિ ખૂબ જ ગંભીર છે અને તેમને કોવિડ સેન્ટરમાં શિફ્ટ કરવામાં આવ્યા છે.

# સ્થાનિક સ્તર પર સમસ્યાની ઓળખ અને તેનું સમાધાન કરવા ભલામણ

### કોરોનાની બીજી લહેરની સ્થિતિ પર ચર્ચા માટેની કેબિનેટ બેઠકમાં લોકો સાથે સંપર્ક, પ્રતિક્રિયા મેળવવા મંત્રીઓને મોદીની ભલામણ




નવી દિલ્હી, તા. ૩૦

દેશમાં કોરોનાની બીજી લહેરને કારણે ઉભી થયેલી સ્થિતિ પર ચર્ચા કરવા માટે પીએમ મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પીએમ મોદીએ કહ્યુ કે, કોરોનાની સ્થિતિનો સામનો કરવા માટે બધા વિભાગ એક થઈ કામ કરી રહ્યા છે. બેઠકમાં પ્રધાનમંત્રીએ મંત્રીઓને પોતાના સંબંધિત ક્ષેત્રના લોકોની સાથે સંપર્કમાં રહેવા, તેમની મદદ કરવા અને પ્રતિક્રિયા પ્રાપ્ત કરવાની ભલામણ કરી છે. તેમણે સ્થાનીક સ્તર પર સમસ્યાઓની ઓળખ અને તેનું સમાધાન કરવા પર ભાર આપ્યો હતો. આ બેઠકમાં મંત્રીપરિષદના સભ્યો સિવાય કેન્દ્ર સરકારના મુખ્ય અધિકારીઓ પણ સામેલ થયા હતા.

દેશમાં કોરોના મહામારીની બીજી લહેર દરમિયાન આ કેન્દ્રીય કેબિનેટની પ્રથમ બેઠક હતી. બેઠકમાં પ્રધાનમંત્રી મોદીએ મંત્રીઓને જનતાની વચ્ચે જઈને તેમની સમસ્યાઓ અને મુદ્દા ઉકેલવાનું કહ્યુ છે. મહત્વનું છે કે દેશમાં ઉભા થયેલા કોરોના સંકટ વચ્ચે પીએમ મોદી રોજ અલગ-અલગ બેઠકો કરી રહ્યા છે. આ પહેલા પીએમ મોદી રાજ્યના મુખ્યમંત્રીઓ અને ટોચના અધિકારીઓ સાથે અનેક બેઠકો કરી ચુક્યા છે.

પીએમ મોદીએ આ બેઠકમાં થયેલી વાતચીત વિશે ટ્વીટ કરીને જાણકારી આપી છે. પીએમ મોદીએ કહ્યુ કે, મંત્રી પરિષદની બેઠક દરમિયાન કોરોના સંક્રમણથી ઉભી થયેલી સ્થિતિની સમીક્ષા કરવામાં આવી છે.

# યુએસ ઓક્સિજન માટે ભારતને મદદ કરશે, નિષ્ણાતો મોકલશે

### બાઇડેન વહિવટીતંત્રએ એક સૈન્ય વિમાન દ્વારા મેડિકલ ઇક્વિપમેંટ્સ-જીવનરક્ષક ઓક્સિજન ગેસ ભારત મોકલ્યા

વોશિંગટન, તા. ૩૦

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડેનનું વહિવટીતંત્ર ભારતમાં લોકોનો જીવ બચાવવા માટે ઓક્સિજન સપ્લાય વધારવા અને દુનિયામાંથી કોવિડ ૧૯ મહામારીના અત્યાર સુધીના વિકટ પ્રકોપના વિરૂદ્ધ સફળ લડાઈ શરૂ કરવા માટે કામ કરી રહ્યા છે. યૂનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલોપમેન્ટના એક અધિકારીએ આ વાત કહી.

ભારતમાં શુક્રવારે કોરોના વાયરસ સંક્રમણના તમામ રેકોર્ડ ૩૮૬,૮૮૮ કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમણા કુલ કેસની સંખ્યા વધીને ૧,૮૭,૫૪,૯૮૪ થઈ ગઈ છે. ૩૪૯૮ લોકોના જીવ કોરોનાને લીધે ગયો છે. આ સાથે જ ઘાતક બિમારીના મૃતકોની સંખ્યા ૨,૦૮,૩૩૦ પહોંચી ગઈ છે. ગત થોડા દિવસોથી સ્થિતિ ચિંતાજનક બનેલી છે. સરકાર કોરોના સામે મુકાબલો કરવા માટે વેક્સીનેશન પર ભાર મુકી રહી છે. પરંતુ રસીની અછતથી આ શકય બની શક્યું નથી.

યૂનાઈટેડ સ્ટેટસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલોપમેન્ટના કોવિડ ૧૯ના પ્રયત્નો પર વરિષ્ઠ સલાહકાર જેરેમી કોનિન્ડિકએ કહ્યું કે 'સ્પષ્ટ છે કે આ દુનિયામાં કોવિડ ૧૯ની સૌથી ખરાબ સ્થિતિમાંથી એક છે.'

તેમણે એ પણ નિવેદન આપ્યું છે કે જ્યારથી એક દિવસ પહેલાં જો બાઈડેન વહિવટીતંત્રએ એક સૈન્ય વિમાન દ્વારા મેડિકલ ઈક્વિપમેંટ્સ અને જીવનરક્ષક ઓક્સિજન ગેસ ભારત મોકલ્યા.

# લાંબી કાનુની લડાઈ બાદ લાલુ યાદવની જેલમાંથી મુક્તિ

રાંચી, તા. ૩૦

લાંબી લડાઈ અને કોર્ટ-કચેરી બાદ રાજદ સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ જેલમાંથી મુક્ત થયા છે. હાઈકોર્ટમાંથી જામીન મળ્યાના ૧૨ દિવસ બાદ લાલુ પ્રસાદ યાદવ જેલમાંથી બહાર નીકળ્યા છે. લાલુ યાદવ ઝારખંડના દુમકા ટ્રેઝરી કેસ મામલે ૧૯ માર્ચ, ૨૦૧૮થી જેલની સજા કાપી રહ્યા હતા..

ઝારખંડ હાઈકોર્ટે ગત ૧૭ એપ્રિલના રોજ લાલુ પ્રસાદ યાદવને આ કેસમાં જામીન આપ્યા હતા. પરંતુ વકીલો કામ ન કરી શકતા હોવાથી બેલ બોન્ડ નહોતા ભરી શકાયા. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના આદેશ બાદ ગુરૂવારે લાલુ યાદવના વકીલે બે અંગત બોન્ડ દાખલ કર્યા હતા. કોર્ટે તેને યોગ્ય ઠેરવીને બિરસા મુંડા કેન્દ્રીય જેલ હોટવારના જેલ અધિકારી પાસે મોકલી દીધા હતા. સાથે જ લાલુ યાદવને છોડવાનો આદેશ પણ આપ્યો હતો.

# બજાજ ઓટોના પ્રમુખપદેથી રાહુલ બજાજનું રાજીનામું

નવી દિલ્હી, તા. ૩૦

રાહુલ બજાજે દેશની પ્રમુખ વાહન નિર્માતા કંપની બજાજ ઓટોના અધ્યક્ષ પદેથી રાજીનામુ આપી દીધું છે. તેમની જગ્યાએ નીરજ બજાજ કંપનીની કમાન સંભાળશે. નીરજ હાલ કંપનીમાં નોન એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. રાહુલ બજાજ ૩૦ એપ્રિલ, ૨૦૨૧થી બજાજ ઓટોનું નોન એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને અધ્યક્ષ પદ છોડી દેશે. કંપનીએ ગુરૂવારે એક એક્સચેન્જ ફાઈલિંગમાં આ જાણકારી આપી હતી. નીરજ બજાજ રાહુલ બજાજના પિતરાઈ ભાઈ છે. તેઓ ઉદ્યોગ ક્ષેત્રે ૩૫ વર્ષનો અનુભવ ધરાવે છે. તેમણે સપ્ટેમ્બર ૨૦૦૬માં બજાજ ઓટો જોઈન કર્યું હતું.

કંપનીના નિવેદન પ્રમાણે ૮૨ વર્ષીય રાહુલ બજાજે ઉંમરનો હવાલો આપીને પદ છોડવાનો નિર્ણય લીધો હતો. રાહુલ બજાજ ૧૯૭૨થી બજાજ ઓટો અને છેલ્લા ૫ દશકાથી બજાજ ગ્રુપ ઓફ કંપનીઝ સાથે જોડાયેલા છે. બોર્ડ દ્વારા આ નિર્ણયને મંજૂરી અપાયા બાદ તેઓ હવે કંપનીમાં સલાહકારની ભૂમિકા ભજવશે.

# મુંબઈમાં ત્રણ દિવસ વેક્સિનેશન કેન્દ્રો બંધ

નવી દિલ્હી

કોરોનાના મહાસંકટનો સામનો કરી રહેલી માયાનગરી મુંબઈ હાલ વેક્સિનના શોર્ટેજ સામે ઝઝુમી રહી છે. આ કારણે મુંબઈમાં આગામી ૩ દિવસ સુધી વેક્સિનેશન સેન્ટર્સ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહારાષ્ટ્રે પહેલેથી જ ૧ મેથી ૧૮ વાળાઓને વેક્સિન આપવાની ના પાડી દીધેલી છે.

મુંબઈમાં પાછલા કેટલાક દિવસોથી વેક્સિનની શોર્ટેજ છે. આ કારણે દરરોજ કોઈને કોઈ સેન્ટર બંધ રહે છે. ગઈકાલે પણ મુંબઈમાં વેક્સિનેશન સેન્ટર્સ પર લોકોની ભારે ભીડ હતી પરંતુ વેક્સિન બહુ ઓછી હતી. બીએમસીના કહેવા પ્રમાણે હાલ તેમના પાસે વેક્સિન નથી. જ્યારે વેક્સિન ઉપલબ્ધ થશે ત્યારે લોકોને ફોન, મેસેજ કરી દેવામાં આવશે. બીએમસીએ ટ્વીટ કરીને લોકો પાસેથી સહયોગની માંગણી કરી હતી. રાજ્ય સરકારે પહેલેથી જ જાહેર કર્યું છે કે, તેમને કેન્દ્ર તરફથી વેક્સિન નથી મળી રહી. સાથે જ સીરમને જે ઓર્ડર આપવામાં આવ્યો છે તે ૧ મે સુધી નહીં પહોંચી શકે.

